# આકાશવાણી-ભુજ

## સમાચારવાચક : જાગૃતિ વકીલ

### કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

**તારીખ- ૦૯-૦૫-૨૦૨૪ સમય-સાંજે-૬.૨૫**

---

## લોકસભા ચુંટણી-ઉમેદવારીપત્ર :

લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કા માટે ઉમેદવારી પત્ર ભરવાનો આજે અંતિમ દિવસ છે.આ તબક્કામાં 57 બેઠકો ઉપર 25 મેના રોજ મતદાન થશે.દરમ્યાન પાંચમા તબક્કામાં છ રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોની 49 બેઠકો માટે 695 ઉમેદવારો મેદાનમાં છે.કુલ એક હજાર પાંચસો છ્યાસી ઉમેદવારોએ ઉમેદવારીપત્રો ભર્યા હતા.ઉમેદવારીપત્રોની ચકાસણી બાદ 749 ઉમેદવારીપત્રો માન્ય જણાયા હતા.આ તબક્કામાં ઉત્તરપ્રદેશની 14,મહારાષ્ટ્રની 13,પશ્ચિમ બંગાળની સાત,બિહાર અને ઓડિશામાં પાંચ-પાંચ,ઝારખંડમાં ત્રણ,જમ્મુ-કાશ્મીર અને લદ્દાખની એક-એક બેઠક પર 20 મેના રોજ મતદાન થશે.

**RNU અમદાવાદ**

---

## લોકસભા ચુંટણી-પ્રચાર :

લોકસભા ચૂંટણીના ચોથા તબક્કા માટે પ્રચાર અભિયાન તેજ બન્યું છે.વિવિધ પાર્ટીઓના નેતાઓએ પ્રજાને રિઝવવાના પ્રયાસો કરી રહ્યા છે.કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને કૉંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી આજે તેલંગાણા માં

ચુંટણીપ્રચાર કરી રહ્યા છે.ભારત રાષ્ટ્ર સમિતિના પ્રમુખ અને પૂર્વ મુખ્યમંત્રી કે. ચંદ્રશેખર રાવ કરિમનગરમાં રોડ શૉ કરશે.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જગત પ્રકાશ નડ્ડા સાંજે લખનઉ પહોંચશે, જ્યાં તેઓ લખનઉ, ઉન્નાઓ, મોહનલાલ ગંજ, રાયબરેલી લોકસભા મત વિસ્તારના નેતાઓ સાથે મુલાકાત કરીને ચૂંટણી રણનીતિ વિશે ચર્ચા કરશે.તો કૉંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ આજે બીજા દિવસે રાયબરેલી બેઠક પર ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે.

**RNU અમદાવાદ**

---

## <u>HSC પરિણામ-રાજ્ય-કચ્છ(બાઈટ-ભુપેન્દ્રસિંહ વાઘેલા):</u>

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડે ધોરણ 12 વિજ્ઞાન, સામાન્ય પ્રવાહ અને ગુજકેટનું પરિણામ જાહેર કર્યું છે.

આ વર્ષે સામાન્ય પ્રવાહનું 91.93,વિજ્ઞાન પ્રવાહનું 82.45 ટકા પરિણામ આવ્યું છે. ગયા વર્ષ કરતા આ વખતે સામાન્ય પ્રવાહના પરિણામમાં 18.66 ટકા અને વિજ્ઞાન પ્રવાહમાં 16.87 ટકાનો વધારો થયો છે.

સામાન્ય પ્રવાહમાં આ વર્ષે 3 લાખ 78 હજાર 268 પરિક્ષાર્થીઓએ પરીક્ષા આપી હતી,જેમાંથી 3 લાખ 47 હજાર 738 પરિક્ષાર્થીઓ ઉત્તીર્ણ થયા છે.જ્યારે વિજ્ઞાન પ્રવાહમાં એક લાખ 11 હજાર 132 પરિક્ષાર્થીઓએ પરીક્ષા આપી હતી.જેમાંથી 91 હજાર 625 પરિક્ષાર્થીઓ પ્રમાણપત્ર મેળવવાને પાત્ર થયા છે.

કચ્છ જીલ્લામાં સામાન્ય પ્રવાહનું ૯૪.૨૩% જયારે વિજ્ઞાન પ્રવાહનું ૮૪.૩૨% પરિણામ રહ્યું છે.ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં માંડવી કેન્દ્રનું સૌથી ઊંચું પરિણામ ૯૬.૬૭% તો ખાવડા કેન્દ્રનું સૌથી નીચું ૫૧.૧૧% પરિણામ રહ્યું હતું.આ વિષે વધુ વિગત આપતા કચ્છ જીલ્લા ઇન્ચાર્જ શિક્ષણાધિકારી ભુપેન્દ્રસિંહ વાઘેલાએ તમામને અભિનંદન પાઠવતા આ મુજબ જણાવ્યું.

(બાઈટ-ભુપેન્દ્રસિંહ વાઘેલા )

**RNU અમદાવાદ/NP-જાગૃતિ વકીલ**

---------------------------------------------------------------------------------------------------

SSC પરિણામ :

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી 11 મેએ ધોરણ 10નું પરિણામ બોર્ડની વેબસાઈટ પર સવારે ૮ વાગ્યે જાહેર કરાશે.વિદ્યાર્થીઓ પોતાનું પરિણામ વોટ્સઅપ નંબર ૬૩૫૭૩૦૦૯૭૧ પરથી પણ જાણી શકશે.

**NP-જાગૃતિ વકીલ**

---------------------------------------------------------------------------------------------------